સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ફરે વિદેશોમાં, યાદ આવે, ગરજે ગુજરાત!
ને ચૂંટણીઓમાં, યાદ આવે, ગરજે ગુજરાત!
'છાપ્યા' કરે નોટો, યાદ આવે ગરજે ગુજરાત!
'નિષ્ણાતો' માટે પણ - યાદ આવે ગરજે ગુજરાત!
(અમિતભાઈ નું સૂત્ર 'ગર્જે ગુજરાત')

હાઈકુ

યાદ આવે છે,
ગરજે ગુજરાત -
ચૂંટણી ફંડે...

વરસ્યા વિના -
ગર્જે છે ગુજરાત
નારા બાજીમાં...

ચિંતન

ઉત્સવે વ્યસને ચૈવ દુર્ભિક્ષે રાષ્ટ્રવિપ્લવે ।
રાજદ્વારે શ્મશાને ચ યસ્તિષ્ઠતિ સ બાન્ધવઃ ॥

ઉપર શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

ઉત્સવમાં, દુઃખના વખતમાં, દુકાળમાં, દેશ પાયમાલ થયો હોય એવા અવસરમાં, રાજદરબારમાં અને સ્મશાનમાં આવા વખતો માં જે આવીને ઊભો રહે છે તે બંધુ અને મિત્ર છે.

સાચો મિત્ર સુખ-દુઃખ અને મુશ્કેલીના વખતમાં વગર નિમંત્રણે પણ આવીને પડખે ઊભો રહે છે. અર્થાત કષ્ટ - અને દુઃખના સમયમાં જે મદદરુપ થાય એ જ સાચો મિત્ર કે ભાઈ કહેવાય છે.

સુવિચાર

- જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી, કડી એ લાધતી જયારે, પ્રભુની આવતી ઘડી - **જીવન પાથેય**
- જબ મૈં તેરી તલાશ કરતાં હું, મુઝકો અપના સુરાગ મિલતા હૈ - **ઈકબાલ**
- અધિકાર વગરની અપેક્ષા ન રાખવી અને સામેની વ્યક્તિના વર્તનમાં પ્લસ પોઈન્ટ જોવાની ટેવ પાડવાથી અસહિષ્ણુતા જશે અને અસહિષ્ણુતાનો હકારાત્મકભાવ જાગશે - **દાદા ભગવાન**
- શાણાઓ શરુઆતમાં જે કરે છે તે મૂર્ખાઓ છેવટે કરે છે - **વોરન બફેટ**
- પ્રેમથી પરણેલા પછી પ્રેમથી જીવી શકતાં નથી,
  એનું કારણ એકમેક પર પ્રભુત્વ પામવાની લાલસા - **કાજલ ઓઝા વૈદ્ય**
- જો ઈર્ષા એક ભાવ હોય તો આખી દુનિયા બિમાર જ દેખાતી હોત - **વિજય મર્ચન્ટ**
- આજનું ઔષધ : એળિયો દહીમાં વાટીને ચોપડવાથી ખંજવાળ તથા દરાજમાં ફાયદો થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

આઈન્સ્ટાઈન જયારે પહેલી વખત જર્મનીથી પ્રિંસ્ટન પહોંચ્યા ત્યારે ત્યાંના પ્રશાસનિક અધિકારીએ પૂછ્યું, 'હું આપને માટે કયા કયા ઉપકરણોની વ્યવસ્થા કરું?'

સાવ સાદાઈથી જીવતા આઈન્સ્ટાઈનને જવાબ આપ્યો, 'મને હાલ તો માત્ર બ્લેક બોર્ડ, ચોક અને ઘણા બધા કાગળો અને દસેક પેન્સિલ જોઈએ.'

ઉપકરણોની આવી યાદી સાંભળીને અધિકારી તો આશ્ચર્યમાં ડૂબી ગયો. એ કંઈ આગળ પૂછે તે પહેલા આઈન્સ્ટાઈને કહ્યું, 'આ ચીજો ઉપરાંત એક મોટી ટોપલી પણ જોઈશે.' અધિકારીએ પૂછ્યું, : 'કેમ? આઈન્સ્ટાઈનનો જવાબ' કારણ કે મારી ગણનાઓ દરમિયાન મારી અનેક ભૂલો પણ થશે જ અને એ કાગળ ઘણા હશે. જો ટોપલી નાની હશે તો ટોપલી રદ્દી કાગળોથી તરત ભરાઈ જાય.'

પેલો અધિકારી મહાન વૈચારિકની વાતો સાંભળી મનોમન વંદી રહ્યો.

ભાજપ માટે વધતી ચિંતા

તંત્રીસ્થાનેથી...

નોટબંધી જેવા ક્રાંતિકારી નિર્ણય પછી સરજાયેલી પરિસ્થિતિ કેન્દ્ર સરકાર માટે વધુ ને વધુ મુશ્કેલ બની રહી છે. ખુદ નાણાં પ્રધાન અરુણ જેટલીએ જીડીપીના નિરાશાજનક આંકડાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. નોટબંધીને કારણે કાળાં નાણાં નાથવામાં કોઈ સફળતા સાંપડી નથી. મોટા બાગનું નાણું બેંકોમાં જમા થઈ જતાં નોટબંધીનો નિર્ણય લેતી વખતે બે નંબરિયા લોકોનાં નાણાં ફસાઈ જશે, એવો જે દાવ કરાયેલો તે પૂરેપૂરો પોકળ સાબિત થયો છે. રાજકીય પક્ષો પાસેનાં બિનહિસાબી નાણાં પણ ઠેકાણે પડી ગયાં છે અને ખેતીની આવક સ્વરુપે દર્શાવી રિયલ એસ્ટેટના બે નંબરિયાઓએ એમનાં કાળાં નાણાંને ધોળાં કરી દીધા છે. મહિનાઓ સુધી બેંકો સામે લોકોએ કામધંધા છોડીને લાઈનો લગાવી એનું કોઈ જ ધાર્યું પરિણામ નથી મળ્યું. ઊલટાના સળંગ બીજા ક્વાર્ટરમાં ભારતનો વિકાસ દર ઘટીને ૨.૪ ટકા રહી ગયો છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં જીડીપી ઘટીને ૫.૭ પર અટક્યો હતો તે સતત ઘટતોને ઘટતો રહેતાં સ્વાભાવિક રીતે જ સરકારનો નોટબંધીનો નિર્ણય અવિચારી અને ઉતાવળિયો તથા ફક્ત રાજકીય પ્રતિસ્પર્ધીઓને ફસાવવા માટેનો હતો એવી દલીલ વાજબી ઠરી રહી છે. વિપક્ષને આ મુદ્દે શાસક પક્ષ અને સરકારને ઠમઠોરવાની સોનેરી તક સાંપડી છે. આનંદ શર્મા જેવા નેતાઓ આ પ્રશ્ને ઊહોપોહ મચાવશે તે નક્કી છે. જેટલી સરકારના નોટબંધીના પગલાનો બચાવ કરી જીડીપીના ઘટાડા પાછળ નોટબંધી નહીં પરંતુ જીએસટી અંગે અવઢવ અનુભવતા ઉત્પાદકોએ ઉત્પાદન ઘટાડી દીધું તે બાબત જવાબદાર હોવાનો ખુલાસો કર્યો છે. એમનો તર્ક આંશિક રીતે સાચો હોઈ શકે પરંતુ નોટબંધીને કારણે ઉત્પાદન પર થયેલ વિપરીત અસરો કેવી રીતે નજરઅંદાજ કરી શકાશે? નોટબંધી થતાં ૯૯ ટકાથી વધુ રકમ નવાં નાણાંમાં ફેરવાઈ ગઈ હોવાના રિઝર્વ બેંકના અહેવાલ પછી સરકાર પક્ષે કાળાં નાણાં નાથવામાં નોટબંધી મદદરુપ થઈ હોવાની દલીલ વાહિયાત લાગે છે. નજીકના ભવિષ્યમાં જ કેન્દ્રીય કેબિનેટનો ગંજીપો ચીપીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દા પરથી ધ્યાન બીજી દિશામાં ખેંચવા પ્રયત્ન કરશે. જેટલીએ જ સંરક્ષણ મંત્રાલય વધુ લાંબો વખત પોતાની પાસે નથી રહેવાનું, એવો ખુલાસો કરી દીધો છે અને ઉમા ભારતી તથા રાજીવ પ્રતાપ રૂડી સહિતના કેટલાક મંત્રીઓએ એમનાં રાજીનામા સુપરત કરી દીધાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આગામી મહિનાઓ દરમિયાન આવી રહેલ ગુજરાતની ચૂંટણી શિરોદર્દ બની રહી છે. એમાં યેનકેન ઉપાયે જીતવું જરૂરી છે, નહીંતર ૨૦૧૯ની લોકસભીની ચૂંટણી પર એની વિપરીત અસર થઈ શકે છે. આથી નોટબંધી કે કાળાં નાણાં જેવા મુદ્દાઓ ઉપરાંત જીડીપી દરમાં સતત નોંધાઈ રહેલ ઘટાડો એમના માટે ચિંતાનો વિષય હોય તે સ્વાભાવિક છે. ચીન સાથે ડોકલામ મુદ્દે સમાધાનકારી વલણ અપનાવીને તેઓ ચીનની યાત્રાએ જઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે વૈશ્વિક નેતા તરીકે પ્રસ્થાપિત થયા પછી ઘર આંગણે ગુજરાતમાં જ પીઠેહઠ ન કરવી પડે તે માટે એમણે પાણી પહેલાં પાળ બાંધવા માંડી છે. પોતે તો બીજી ઓકટોબરે ગાંધી જયંતિ નિમિત્તે પોરબંદર અને એ પહેલાં પોતાના જન્મદિવસે નર્મદા અવતરણના મહોત્સવમાં ગુજરાતની મુલાકાત લઈ તેઓ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના વિજયની આગોતરી ખાતરી મેળવવા કૃતસંકલ્પ છે. રાષ્ટ્રપતિની ઘેલા સોમનાથની યાત્રાથી પણ કોળી વોટબેંક મજબૂત થવાની શક્યતા છે. મોદી અને શાહની જોડીને ચૂંટણી જીતવા માટેની વ્યૂહરચનામાં રાષ્ટ્રપતિ કોવિંદથી લઈ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન, શંકરસિંહ વાઘેલા અને કેશુભાઈ પટેલની ગુડવિલનો પણ લાભ અંકે કરવામાં કોઈ જ હીણપત નહીં લાગે!

અભ્યાસમાં પોતાની સંસ્કૃતિની વાત નથી હોતી આથી વિદ્યાર્થી ઘરથી દૂર જાય છે

ગાંધીના 'મુક્તિ આપે તે વિદ્યા' ના મંત્રની મીમાંસા

ગૂજરાત વિદ્યાપીઠ એટલે ગાંધીજીએ જે કેળવણીનો મોટો પ્રયોગ શરુ કર્યો હતો એ સંસ્થા. ૧૯૨૦માં સ્થપાયેલી આ સંસ્થાનો મંત્ર તેમને આપ્યો હતો. 'સા વિદ્યા વિમુક્તયે.' આ મંત્રનો અર્થ સમજાવતા ગાંધીજીએ કહ્યું: જે મુક્તિ આપે તે વિદ્યા. મોટામાં નાનાનો સમાવેશ થઈ જાય છે એ ન્યાયે આધ્યાત્મિક મુક્તિમાં રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય તેમજ ભૌતિક સ્વાધીનતાનો સમાવેશ થઈ જાય છે. એથી શાળા-મહાશાળાઓમાં મેળવેલું જ્ઞાન બીજું કઈ નહીં તો સ્વતંત્રતા અપાવનારું તો હોવું જ જોઈએ. એમ સંપૂર્ણ સ્વતંત્રતામાં માનનાર મહાત્મા કહેતા હતા.

૧૯૨૧માં રાષ્ટ્રીય કેળવણી વિષયક વિચારો રજૂ કરતા તેમણે વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'મારા અભિપ્રાય પ્રમાણે ચાલુ શિક્ષણ પદ્ધતિ સર્વથા અન્યાયી સરકાર સાથે સંબંધ ધરાવે છે એ વાત બાજુએ રાખીએ તોયે ત્રણ મહત્ત્વની બાબતોમાં ખામી વાળી છે :

૧. શિક્ષણનું મંડાણ પરદેશી સંસ્કૃતિના પાયા પર થયેલું છે. અને આ દેશની સંસ્કૃતિને તેમાંથી લગભગ બાદ જ રાખવામાં આવી છે.

૨. તે હૃદય અને હાથની કેળવણી પ્રત્યે દુર્લક્ષ કરે છે અને કેવળ બુદ્ધિની કેળવણી પર જ લક્ષ આપે છે.

૩. તે પરદેશી ભાષાના માધ્યમ દ્વારા આપવામાં આવે છે

ગાંધીજી વધુ વિસ્તારથી અંગ્રેજી કેળવણીની મર્યાદા ઉલ્લેખતા કહે છે, 'લગભગ શરુઆતથી જ પાઠ્યપુસ્તકો' છોકરીઓને પોતાના ઘરમાં જેમની સાથે હંમેશા કામ લેવાનું હોય છે. જે વ્સતુઓની નહીં પણ જેનાથી તેઓ સાવ અજાણ હોય છે. તેવી વસ્તુઓની ચર્ચા કરે છે. વિદ્યાર્થીઓ પોતાની આસપાસ સારું શું છે અને ખરાબ શું છે તે પાઠ્યપુસ્તકમાંથી શીખી શકતો નથી. જેમ જે તેનો અભ્યાસ વધે છે તેમ તેમ તે પોતાના ઘરથી વધુને વધુ દૂર થતો જાય છે અને તેની કેળવણી પૂરી થતાં સુધીમાં તે તેની આસપાસની પરિસ્થિતિથી સાવ પરાયો બની જાય છે. ગૃહજીવન વિશે તે લગભગ અજાણ બની જાય તેવી સ્થિતિ થાય છે. ગામડા દશ્યો - ગ્રામીણ જીવન, પારિવારિક જીવન તે સમજી શકતો નથી. પોતાના સમાજ અને પોતાની સંસ્કૃતિને તેની આગળ મંદબુદ્ધિની, જંગલી અને વહેમી તથા સાવ નકામી તરીકે રજૂ કરવામાં આવે છે. તેની કેળવણીનો આશય તેની પરંપરાગત સંસ્કૃતિથી દૂર કરવાનો હોય છે.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

આવી સમાજ અને સંસ્કૃતિથી વિમુખ કરનારી કેળવણી હોવા છતાં કેળવાયેલાં જુવાનિયાઓનો સમુદાય હજી સર્વથા રાષ્ટ્રીયતાની ભાવનાથી વિહીન થયો નતી એનું કારણ એ છે કે, તેમની પ્રાચીન સંસ્કૃતિ તેમના હાડમાં એવી તો ઊંડી ઊતરી ગયેલી છે કે તેના વિકાસને અવરોધનાર કેળવણી પણ તેને સંપૂર્ણ રીતે નિર્મૂણ કરવાને અસમર્થ છે એમ ગાંધી કહે છે.

ગાંધીજી સમજણનો દોર આગળ ચલાવતા કહે છે, 'અન્ય દેશોમાં કદાચ અંગ્રેજી શાસનની કેળવણી સાચી હોય પણ જયાં ૮૦ ટકા કરતા વધારે વસ્તી ખેતી કરનારી હોય અને બીજી દશ ટકા વસતી ઉદ્યોગો કરનારી હોય એવા હિંદ જેવા દેશોમાં તો કેવળણી કેવળ પુસ્તકિયા બનાવવી અને પાછળના જીવનમાં શારીરિક કામ કરવા માટે છોકરાછોકરીઓને અયોગ્ય બનાવી દેવાએ ગુનો છે.'

ગાંધી ભારતીય સમાજની તાસીરને ધ્યાનમાં લેતા કહે છે આપણો ઘણોવખત માત્ર જીવન નિર્વાહના કાર્ય માટેના પરિશ્રમમાં જતો હોય છે. જેને ધ્યાનમાં લઈને આપણાં બાળકોને પણ નાનપણથી શરીરશ્રમનું ગૌરવ શીખવવું જોઈએ. ખેડૂતનો છોકરો નિશાળમાં ભણ્યા પછી ખેતમજૂર તરીકે નકામો શાને થવો જોઈએ? આજે તો એ નક્કામો થઈ જાય છે ત્યારે આવા ભણતરને

અનુસંધાન પાના નં. ૭ પર

ડો.વિક્રમ સારાભાઈ આપણું ગૌરવ

કેટલાક કુટુંબો તથા અમૂક વ્યક્તિઓ એવી હોય છે કે તેમની ઉપસ્થિતિને કારણે તેઓ જ્યાં વસતા હોય તે નગરની શોભા વધે છે. આવા લોકોનું યોગદાન ઈતિહાસમાં ઉજળા અક્ષરોથી લખાય છે. 'નદીની રેતમાં રમતાં નગર' અમદાવાદે આવા અનેક લોકોની ભેટ દેશને કે સમગ્ર વિશ્વને આપી છે. સારાભાઈ કુટુંબના ડૉ. વિક્રમ સારાભાઈ એ આવા જ એક પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વ ધરાવતા માનવી છે. અંબાલાલ સારાભાઈના કુટુંબની સુવિખ્યાત મહેમાનનવાઝીને કારણે દેશના અનેક દિગ્ગજ વ્યક્તિઓ તેમના મહેમાન બનતા હતા. દેશભરમાંથી અનેક મહાનુભાવોને અમદાવાદના સારાભાઈ કુટુમ્બના મહેમાન થવાનું ગમતું હતું. ૧૯૨૪ માં ગુરૂદેવ ટાગોર સારાભાઈ કુટુમ્બના મહેમાન થયેલા. તે વખતનો એક પ્રસંગ નોંધાયો છે. યજમાન અંબાલાલભાઈના પાંચ વર્ષના પુત્ર વિક્રમને જોઈને કહ્યું : "આ બાળક અસાધારણ મેધાસંપન્ન છે." ગુરૂદેવની ભવિષ્યવાણી સાચી પડી. ડૉ. વિક્રમ સારાભાઈમાં સમગ્ર વિશ્વને એક હોનહાર વૈજ્ઞાનિકના દર્શન થયા. પરિવારમાં આવા મોંઘેરા મહેમાનોના સંપર્કથી બાળક તથા કિશોર વિક્રમનું ઘડતર થયું. આ શ્રેષ્ઠિ પરંપરાના કુટુમ્બમાં આવતા મહેમાનોના ઉજળા જીવનમાંથી વિક્રમભાઈને સતત પ્રેરણા મળતી રહી. આ અતિથિઓમાં ડૉ. સી. વી. રામન, જગદીશચંદ્ર બોઝ, ચિત્તરંજન દાસ તથા કાકાસાહેબ કાલેલકર જેવા મહાનુભાવોનો સમાવેશ થતો હતો. પંડિત નહેરૂ સાથે પણ આ કુટુમ્બને એટલોજ ઘરોબો હતો. આઝાદી મળી તે પહેલાના કાળમાં નજર દોડાવીએ તો ગાંધી યુગની આ આકાશગંગામાં અનેક તેજસ્વી તારકોનું દર્શન થાય છે. જાણીતા શ્રેષ્ઠિ અંબાલાલ સારાભાઈ આવી આકાશગંગાના જ એક ઝળહળતા સીતારા સમાન હતા. ૧૯૧૯ ની ૧૨મી ઓગસ્ટે ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ થયો. આથી ઓગસ્ટ માસમાં તેમની જન્મજયંતિ નિમિત્તે તેમને અનેક લોકો – સંસ્થાઓ આદર સાથે તેમને યાદ કરે છે.

કુટુંબ પ્રથાનો જે વિકાસ આપણાં સમાજમાં થયો તેનો મોટો ફાયદો વ્યક્તિગત તેમજ સામુહિક રીતે સૌને થયો છે. તેનું એક મૂલ્ય હતું. સંયુક્ત કુટુંબ પ્રથાનો જે વિચ્છેદ આપણે ત્યાં જીવનશૈલિમાં બદલાવ આવતા થયો તેના કેટલાક માઠા પરિણામો પણ ભોગવવા મળ્યા છે. સંયુક્ત કુટુંબ પ્રથામાં દરેક સભ્યને એકબીજાની હૂંફ રહેતી હતી. વિક્રમભાઈના પિતા અંબાલાલ સારાભાઈ માત્ર પાંચ જ વર્ષના હતા ત્યારે તેમના પિતાશ્રીનું અવસાન થયેલું. પરંતુ અંબાલાલભાઈના કાકા ચીમનલાલભાઈએ બાળકોની માવજત તેમને પિતાતુલ્ય વાત્સલ્ય આપીને કરી. બાળકોને શ્રેષ્ઠ કેળવણી તથા સંસ્કાર મળે તેવી વ્યવસ્થા તો ગોઠવીજ પરંતુ તેમની અઢળક સંપત્તિનું પણ કાળજીપૂર્વક જતન કર્યું. બાળકોમાં આ સંસ્કાર સ્વાભાવિક રીતેજ રેડાયા. અંબાલાલભાઈના બહેન અનસૂયાબહેન પણ ગર્ભશ્રીમંત તથા મિલોના માલિકના દીકરી હોવા છતાં તેમના હૈયામાં મજૂરો તરફ અપાર ભાવ હતો. મજૂરોના પ્રશ્ને તેઓ ખૂબજ સંવેદનશીલ હતા. મજુરોના હિતના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને ગાંધીજીએ અમદાવાદમાં લડતનો પ્રારંભ કર્યો. અનસુયાબહેન મજુરોનો પક્ષ લઈને ગાંધીજી સાથે ઊભા રહ્યા તે એક ઐતિહાસિક ઘટના છે. શિક્ષણ આ કુટુંબની અગ્રતાનો વિષય હતો. ડૉ. વિક્રમ પણ અમદાવાદની સુપ્રસિધ્ધ ગુજરાત કોલેજમાં ભણ્યા બાદ ઈંગ્લેંડ જઈને ભણેલાં હતા. બેંગલોરમાં પણ તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સમાં ભણ્યાં અને અહીંજ તેઓ સર સી. વી. રામનના પરિચયમાં આવ્યા હતા. ડૉ. હોમી ભાભા સાથે પણ તેમને ઘનિષ્ઠ પરિચય થયો. આ ત્રિપુટીના યોગદાન થકી તેમજ પંડિત નહેરુની વિજ્ઞાન તરફની દ્રષ્ટિને કારણે દેશમાં વૈજ્ઞાનિક વિકાસનો મજબૂત પાયો નખાયો.

ડૉ. રામનના માર્ગદર્શન હેઠળ ડૉ. વિક્રમભાઈએ બ્રહ્માંડ કિરણો આકાશમાંથી પૃથ્વી પર આવે છે તે વિષય પરનું સંશોધન કર્યું હતું. (COSMIC RAY INTENSITY IN TROPICAL LATITUDE) વાતાવરણમાં આ કિરણો પ્રવેશ કરે ત્યારબાદ આ કિરણો વિવિધ અસરો પેદા કરે છે તે અંગેનો આ મહાનિબંધ અમૂલ્ય દસ્તાવેજ ગણાય છે. વિજ્ઞાનની જેમ કલાઓના વિકાસમાં પણ તેમનું યોગદાન રહ્યું. વિક્રમભાઈના અર્ધાંગના તથા સુપ્રસિધ્ધ નૃત્યાંગના મૃણાલિનીબહેનને વિક્રમભાઈ સાથેના લગ્ન બાદ કુટુમ્બમાં આવકાર તો મળ્યોજ પરંતુ તેમની નૃત્ય સાધનામાં સંપૂર્ણ સહયોગ પણ આપવામાં આવ્યો. "દર્પણ અકાદમી" આજે પણ કલા સાધનાના ક્ષેત્રમાં શહેરની શોભા સમાન છે. રાજયના ઔદ્યોગિક વિકાસમાં પણ ડૉ. વિક્રમભાઈનું મહત્વનું યોગદાન રહ્યું. ઉદ્યોગોમાં જે જૂની પધ્ધિતઓ હતી તેની સામે તેમણે નવી પધ્ધતિઓ તથા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ઉત્પાદન વૃધ્ધિ માટે કર્યો. અટીરા તથા આઈ આઈ એમ જેવી સંસ્થાઓ ઊભી કરવામાં પણ ડૉ. વિક્રમ સારાભાઈનું મહત્વપૂર્ણ યોગદાન રહેલું છે. આવી સંસ્થાઓ એજ આ સ્વપ્ન સેવી તથા દીર્ઘદ્રષ્ટા વૈજ્ઞાનિકના ખરા સ્મારકો છે.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

આ સંસ્કાર પુરૂષ વિશે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશિત ડૉ. પ્રહલાદ પટેલના પુસ્તકમાં એક પ્રેરણાદાયક ઘટના નોંધવામાં આવી છે. પોતાની લારી ઠાંસોઠાંસ ભરીને પી.આર.એલ.ના રસ્તે (નવરંગપુરા–અમદાવાદ) જતાં એક મજૂરને માલસામાનથી લદાયેલી લારીને ઢાળ ચડાવવામાં તકલીફ પડતી હતી. તેની મથામણ તથા મૂંઝવણ નરી આંખે જોઈ શકાય તેવા હતા. ડૉ. વિક્રમભાઈએ પણ આ જોયું. તેઓએ પોતાની વૈભવી ગાડી બાજુ પર મૂકાવીને મજૂરને લારી ચઢાવવાના કામમાં મૂંગા મોઢે મદદ કરવા લાગ્યા. કરુણા તથા માનવતાએ જાણે સ્વયં દેહ ધારણ કર્યો હોય તેવું દ્રશ્ય ઊભું થયું! ૧૮ થી ૨૦ કલાક સુધી સતત કામ કરનાર માટે કોઈ કામ નાનુ કે મોટું ન હતું. મહાવીર સ્વામી તથા ગાંધીજીના દયા તથા સંવેદનશીલતાના ગુણોનો વાસ્તવિક જીવનમાં અમલ કરનાર આ મહાનુભાવ દેશનું ગૌરવ હતા. આજે પણ છે. ૧૯૭૧ના ડિસેમ્બરમાં તેઓએ સતત કાર્ય કરતા કરતા જ મહાપ્રયાણ કર્યું. ડૉ. હોમી ભાભાની જેમ વિક્રમ સારાભાઈનું અવસાન પણ ઓચિંતું તથા કવેળાનું હતું. ફક્ત બાવન વર્ષની વયે તેમની ચિરવિદાય એ આપણી સામુહિક ખોટ સમાન હતી. તેઓ ભવિષ્યની પેઢીઓ માટે જ્ઞાન અને સંસ્કારનો ઉજળો વારસો મૂકતા ગયા. ૧૯૭૨માં ભારત સરકારે તેમને પદ્મવિભૂષણથી નવાજ્યા. ડૉ. વિક્રમ સારાભાઈના જીવનની પ્રેરણાદાયક વાતો યુવાનો સુધી પહોંચાડવા જેવી છે.

સાહિત્ય અકાદમીના ઉપક્રમે ઉજીએ પ્રેસ સેમિનાર

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અજાજ મીડિયા ટ્રસ્ટ, અમદાવાદના સંયુક્ત ઉપક્રે 'સાહિત્ય અને પત્રકારત્વ : એકમેકના સાથી' વિષય પર તા. ૩.૦૯.૨૦૧૭ને રવિવારના રોજ, સાંજે ૪.૦૦ વાગે, સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલય, સરદાર વલ્લભભાઈ પટેલ, મેમોરિયલ સોસાયટી, જૂના સર્કીટ હાઉસની સામે, શાહીબાગ, અમદાવાદ ખાતે પ્રેસ સેમિનાર યોજાશે, જે સેમિનારનું મરાઠી દૈનિક 'સકાળ'ના ખ્યાતિપ્રાપ્ત દલિત પત્રકાર અને સર્જક ઉત્તમ કામ્બલે ઉદ્ઘાટન કરશે. પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા અધ્યક્ષ સ્થાને શોભાવશે. માહિતી કમિશનર નલિન ઉપધ્યાય અને 'નવગુજરાત સમય' અમદાવાદના તંત્રી અજય ઉમટ અતિથિ વિશેષ તરીકે બિરાજમાન થશે. આમંત્રિતોને સમયસર હાજર રહેવા જણાવાયું છે.

● અગ્ર શિક્ષણવિદ્, વિચારક, લેખક અને હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. દાઉદભાઈ ઘાંચીનો જાહેર-સન્માન સમારોહ અને અહેમદ ગુલની - વતનથી લઈને વ્યક્તિત્વ વિકાસની વાટ પકડતી આપવિતી, સંકોરતા પુસ્તક 'ઓલીપોરથી ઓબીસી'નું લોકાર્પણ કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય અકાદમી (Gujarati Literary Academy) એ ગુજરાતી રાઈટર્સ ફોરમના સહકારમાં તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ, બેટલે (Batly) વેસ્ટ યોર્કશાયર ખાતે યોજાયો હતો.

● પ્રતિવર્ષ યોજાયી રમણ પાઠક વ્યાખ્યાનમાળાના આ વર્ષના સાતમા મણકામાં, જાણીતા વિચારક, વિવેચક અને લેખક ડૉ. અશ્વિન દેસાઈનું 'આજનો યુગધર્મ : રેશનાલીઝમ' પરનું પ્રવચન યોજાઈ ગયું, જેમાં વ્યાખ્યાનમાળાના કન્વીનર વિજય ભગતે સ્વાગત પ્રવચન કરી, વ્યાખ્યાનમાળાનો હેતુ અને ઉદ્દેશ સમજાવ્યા હતા. આ સમારંભના પ્રમુખ સ્થાને જાણીતા લેખક અને શિક્ષણવિદ્ ડૉ. શશીકાન્ત શાહ હતા. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુનિલ શાહ અને પ્રેમ સુનેસરાએ કર્યું હતું.

● રા.વિ. પાઠક સભાગૃહ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે સ્નેહલ નિમાવત દ્વારા લખાયેલ અને ડિવાઈન પબ્લીકેશન દ્વારા પ્રકાશિત બે પુસ્તક (૧) શબ્દમાં અવતરે છે નરગિસ અને (૨) 'મનઝરૂખા'નો લોકાર્પણ સમારોહ અમદાવાદ મ્યુનિ.કોર્પો. ના મેયર ગૌતમભાઈ શાહના અધ્યક્ષસ્તાને અને દિવ્ય ભાસ્કરના મેગેઝીન એડિટર શ્રી કૃષ્ણકાન્ત ઉનડકટ; હાસ્યલેખક અશોક દવે, જાણીતા નવલકથાકાર, બાળ સાહિત્યકાર, નવટર ગોહેલ, સાહિત્યકાર અવિનાશ પરીખ, ચિત્રકાર વી. રામાનુજ તથા કવિ હરદ્વાર ગોસ્વામીના આતિથ્યપદે યોજાઈ ગયો; જેમાં કાર્યક્રમના આરંભે કુંજલ શ્રીમાળીએ પ્રાર્થના કરી હતી અને ડિવાઈનના વાહક અમૃતભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. હાસ્ય લેખક અશોક દવેએ નરગિસનાં કવન પર પ્રકાશ પાડ્યો હતો.

આ પ્રસંગે કવિ સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં રમેશ ઠક્કર, રક્ષા શુક્લ, રમેશ ચૌહાણ, વિનય દવે, અજય મોદી, મનીષ પાઠક, કુંતલ નિમાવત તથા દિનેશ પરમાર દ્વારા કવિતાની રસલહાણ પીરસવામાં આવી હતી. નવલકથાકાર નટવર ગોહેલ દ્વારા નરગીસ તથા મનઝરૂખોના સર્જનની પ્રક્રિયામાં સ્નેહલના પરિશ્રમયુક્ત ઘટનાક્રમને રજૂ કર્યો હતો. અને અવિનાશ પરીખે લેખક અને વક્તા વિશે વાત કરી હતી જયારે લેખિકા સ્નેહલ નિમાવતે પોતાના પ્રતિભાવમાં પુસ્તક કર્મ પરના પોતાના શ્રમનું દર્શન કરાવ્યું હતું.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગણપત યુનિ. ગણપત વિદ્યાનગર દ્વારા શરુ કરવામાં આવેલ 'યુનિવર્સિટી વિશિષ્ટ વ્યાખ્યાન શ્રેણી' અંતર્ગત, ગણપતિ યુનિ, ઓડિટોરિયમ ખાતે, એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી : ધરા ગુર્જરીનું અણમોલ રતન' એ વિષય ઉપરનું એક વકતવ્ય, ગુજરાતી લોક સાહિત્ય અને લોકજીવનના પ્રખર અભ્યાસુ, ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને આઈએએસ અધિકારી ચીફ માહિતી કમિશ્નર તરીકે નિમણૂંક પામેલ વસંત ગઢવી દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં તેઓએ મેઘાણીના જીવન અને કવનના અનેકવિધ ઉજ્જવળ - ગરિમાપૂર્ણ પાસાંને તેઓની આગવી શેલીમાં ઉજાગર કરી, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીને ભવ્યાંજલિ અર્પી હતી.

● તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ, અમદાવાદ ખાતે સિટી ગોલ્ટ સિનેમા સામેના મિલ ઓનર્સ બિલ્ડીંગ ઓડિટોરિયમ (આત્મા હોલ) ખાતે કવિ ચિરાગ ઝાના પ્રથમ વાર્તાસંગ્રહ 'પાના નંબર બસો સત્તાવન'નું વિમોચન જાણીતા નાટ્યકાર અને વિવેચક સતીશ વ્યાસના હસ્તે કરવામાં આવ્યું હતું, જેમાં વાર્તાકારનો પરિચય કિરીટ દૂધાત દ્વારા આપવામાં આવ્યો હતો. આ વાર્તાસંગ્રહમાં ૩૭ વાર્તાઓના ૩૭ પ્લોટ સાથે, ૩૭ જાતની મનોભૂમિમાં સમાવિષ્ટ છે. આ કાર્યક્રમનું સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

- muljibhaidadhi@gmail.com